બે દિવસ પહેલા દફનાવેલો મૃતદેહ
બહાર કાઢી સ્મશાનમાં પોસ્ટમોર્ટમ કર્યુ



ગાંધીનગર સમાચાર

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




જો, ભાન ભૂલી રમવા બેસી જતો નહી... પેલા લોકો જુગારને જરા પણ ચલાવી લેવાના નથી એવું વાંચ્યું હતું....!!!

# વાવોલ શાલ્વીક શુકન ફલેટમાં જુગાર રમતા છ શખ્સો ઝડપાયા

### સેક્ટર-૭ પોલીસે મધરાતે મકાનમાં દરોડો પાડી રૂ. ૧.૪૯ લાખના મુદ્દામાલ સાથે છ ની ધરપકડ કરી

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર શહેરને અડીને આવેલા વાવોલ ગામમાં સ્થિત શાલ્વીક શુકન ફલેટમાં એક મકાનમાં જુગાર રમાઈ રહ્યો હોવાની બાતમી સે-૭ પોલીસને મળતા ટીમે મધરાત્રે દરોડો પાડી મકાનમાંથી છ શકુનીઓને જુગાર રમતા રંગે હાથ પકડી પાડયા હતા. સે-૭ પોલીસની ડી-સ્ટાફની ટીમે રૂ. ૧.૪૯ લાખનો મુદ્દામાલ જપ્ત કરી તમામ છ જુગારીઓની ધરપકડ કરી લઈ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

સેક્ટર-૭ પોલીસ સ્ટેશનના પી.આઈ. ડી.ડી. ઓઝાની ડીસ્ટાફની ટીમના પીએસઆઈ એમ.પી.ચૌહાણને ગઈ રાત્રે ચોકકસ બાતમી મળી હતી કે વાવોલ-ઉવારસદ રોડ પર આવેલા શાલ્વીક શુકન ફલેટના મકાન નં.એફ-૨૦૪માં જુગાર રમાઈ રહ્યો છે જેને આધારે રાત્રે બે વાગ્યાના અરસામાં દરોડો પાડીને મકાનમાં જુગાર રમી રહેલા છ શકુનીઓને પકડી પાડયા છે જે પૈકી ત્રણ યુવાનો તે સોસાયટીના હતા. જેના મકાનમાં જુગાર રમાતો હતો તે સંજય બાલુરામ છેલાણા, ફલેટ નં. એલ ૩૦૧માં રહેતા વિશાલ ઉમાકાન્ત જાની, ફલેટ નં.એફ-૧૦૧માં રહેતા પ્રિયંક જિતેન્દ્ર રાજદેવ, વાવોલ ગ્રીનસીટી સોસાયટીના મકાન નં. એ-૨ ખાતે રહેતા જયેશ હરીકૃષ્ણ સોની, વાવોલ સિધ્ધાર્થ સ્ટેટસ ફલેટ નં. પી-૩૦૪માં રહેતા રાહુલ અમરશીભાઈ ખીમુરીયા અને સે-૧૨ સિવિલ હોસ્પિટલ સ્ટાફ કવાર્ટર્સ છ ટાઈપ બ્લોક નં. ૧૩/૬ ખાતે રહેતા પૃથ્વી અશોક સીસોદીયા મળીને છ યુવાન શખ્સોને જુગાર રમતા દબોચી લેવામાં આવ્યા હતા. જુગારના દાવ પરથી રૂ.૧૩,૨૮૦, ૯-નંગ મોબાઈલો કિં. રૂ. ૧૩,૫૦૦, રૂ. ૧ લાખની એક ગાડી અને રૂ.૨૨ હજારના બે ટુ વ્હીલર વાહન મળી કુલ રૂ. ૧,૪૮,૭૮૦ની કિંમતનો મુદ્દામાલ સે-૭ પોલીસે જપ્ત કરીને તમામ છ આરોપીઓની ધરપકડ કરી લઈ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.




ફ્રી મેડીકલ કેમ્પ : રોટરેટ કલબ ઓફ ગાંધીનગર દ્વારા ગેસ્ટ્રો, ન્યૂરો અને પન્મોલોજી ફ્રી મેડીકલ કેમ્પ યોજાયો હતો. શહેરના સંખ્યાબંધ દર્દીઓને તપાસવામાં અમદાવાદના જાણીતા ત્રણ તબીબોએ ચાર કલાક સેવા આપી હતી. રોટરેટ કલબના યુવાનોના સેવાકીય અભિગમને સૌએ બિરદાવ્યો હતો.

## શહેરમાં શ્રાવણના સરવરિયા

ગાંધીનગરમાં છેલ્લા બે દિવસથી વરસાદી વાતાવરણ બંધાયુ છે. ધીમો ધીમો વરસાદ શહેરને અનોખી આભા બક્ષી રહ્યો છે. રવિવારે દિવસ દરમિયાન ઝરમર વરસાદ વરસતા શહેર જાણે હીલ સ્ટેશનમાં ફેરવાયું હતું.

ગાંધીનગરમાં શ્રાવણનો માહોલ પુર્ણપણે જામ્યો છે. શ્રાવણના સરવરીયા શહેરને ભીનાશ બક્ષી રહ્યા છે. જયારે ખેડૂતો માટે જાણે આકાશમાંથી કાચુ સોનુ વરસી રહ્યું છે. આજે દિવસ દરમિયાન વરસાદી વાતાવરણ છવાયેલું રહ્યું હતું. દિવસ દરમિયાન વારંવાર વરસાદી ઝાપટું પડી જતું હતું. શ્રાવણના સરવરિયા વરસતા આખુ શહેર નવી આભા ધારણ કરીને બેઠું છે.

## ખૂણે ખાંચરેથી...

● આજથી શરૂ થઈ રહેલા વિધાનસભાના બે દિવસના ચોમાસુ સત્રમાં ત્રણ મેડીકલની ટીમો કાર્યરત કરી દેવામાં આવી છે.

● ગાંધીનગર કોંગ્રેસ દ્વારા ૨૩મીએ જનઆક્રોશ સભાનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

● શ્રાવણ માસમાં એક સાથે પાંચ પર્વની ઉજવણીને લઈ ગૃહીણીઓએ તૈયારીઓ આરંભી દીધી છે. નાગપંચમી, રાંધણ છઠ્ઠ, શીતળા સાતમ, જન્માષ્ટમી અને પારણાંના આ પર્વને લઈ ભક્તિનું પણ ઘોડાપુર શિવક્તો અને કૃષ્ણભક્તોમાં જોવા મળી રહ્યું છે.

● જિલ્લામાં આખો દિવસ વાદળછાયુ વાતાવરણ રહેતાં લોકોએ ભારે ઉકળાટ અનુભવ્યો હતો.

● જિલ્લામાં આજે સાર્વત્રિક હળવો વરસાદ નોંધાયો છે. મધા નક્ષત્રમાં થયેલા આ વરસાદની તુલના ખેડૂતો કાચા સોના સાથે કરી રહ્યા છે.

● ગાંધીનગર જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ ભરત પટેલ અખંડ ઓમ નમઃ શિવાયના જાપ જપવા માટે ઈલેક્ટ્રીક મશીન ધારણ કરી ઓફિસ આવે છે.

● ગાંધીનગર શહેરમાં આવતા સપ્તાહે આવી રહેલા મીની વેકેશનને પગલે બહાર જવાનુ આયોજન નગરજનોની ચર્ચાનો મુદ્દો બન્યો છે.

● આગામી જાન્યુઆરીમાં મહાત્મા મંદિર ખાતે યોજાનાર વાયબ્રન્ટ સમિટની તૈયારીઓની સમીક્ષા માટે રાજ્યના મુખ્ય સચિવ શ્રી જે. એન. સિંગ, ગૃહ સચિવ શ્રી એમ. એસ. ડાગુર, માર્ગ મકાન વિભાગના સચિવ વસાવા, જિલ્લા કલેકટર સતીષ પટેલ સહિતના અધિકારીઓએ અઢી કલાકથી વધુ મહાત્મા મંદિરનો રાઉન્ડ લીધો હતો અને સમીક્ષા કરી હતી.

## પેથાપુર-મહુડી રોડ પર થયેલા અકસ્માતમાં વધુ એકનું મૃત્યુ

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર નજીક પેથાપુર-મહુડી હાઈવે પર ગઈ સમી સાંજે નવી નક્કોર આઈ-૧૦ ગાડીને અકસ્માત નડયો હતો. કૈલાસધામ વૃદ્ધાશ્રમથી થોડે દુર આ ગાડી એક ઝાડ સાથે ટકરાતા બે વ્યકિતના ઘટના સ્થળે મૃત્યુ નિપજયા હતા. જયારે અન્ય બે ઘાયલોને હોસ્પિટલ લઈ જવાયા હતા. રાત્રે ઘાયલો પૈકી એક મહિલાનું સારવાર દરમિયાન પ્રાણ પંખેરૂ ઉડી જવા પામ્યું હતું. પેથાપુર પોલીસે ગુનો દાખલ કરીને ઘટનાની તપાસ શરુ કરી છે.

અમદાવાદથી આઈ-૧૦ ગાડી લઈને બે દંપતી મિત્રો મહુડી તરફ જઈ રહ્યા હતા. ગઈ સમી સાંજે પેથાપુર મહુડી રોડ પર કૈલાસધામ વૃદ્ધાશ્રમથી થોડે દુર તેમની ગાડી એક ઝાડ સાથે ધડાકાભેર ટકરાતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. જેમાં વિજયકુમાર પટેલ અને વિમળાબેન શાહનું કરૂણ મૃત્યુ નિપજયું હતું. જયારે અમદાવાદના વિક્રમભાઈ ચંદુલાલ શાહ અને જામનગરના પ્રતિભાબેન પટેલ બંને ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતા તાત્કાલીક હોસ્પિટલાઈઝડ કરવામાં આવ્યા હતા. રાત્રે ૪૮ વર્ષીય પ્રતિભાબેન પટેલનું પણ સારવાર દરમિયાન હોસ્પિટલમાં મૃત્યુ થતા આ અકસ્માતનો મૃત્યુ આંક ત્રણ પર પહોંચ્યો છે. પેથાપુર પોલીસે ગુનો દાખલ કરીને મૃતદેહ પીએમ કરાવી ઘટનાની તપાસ આરંભી છે.

## રમણલાલ વોરાની વિધાનસભા ગૃહના અધ્યક્ષ તરીકે વરણી થતા શુભેચ્છા સમારોહ યોજાશે

ગાંધીનગર, તા. ૨૧

રમણલાલ વોરાની વિધાનસભા ગૃહના અધ્યક્ષ તરીકે વરણી કરવાનું નક્કી થતાં તેઓને શુભેચ્છા આપવા તા. ૨૨-૮-૧૬ને સોમવારના રોજ સવારે ૧૦.૦૦ કલાકે ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમા, વિધાનસભા સામે, ગાંધીનગર ખાતે શુભેચ્છા સમારોહનું આયોજન શ્રી ગાંધીનગર વસાહતી બસોબ્યાસી વણકર સમાજ દ્વારા કરવામાં આવ્યું છે. આ પ્રસંગે રમણલાલ વોરા દ્વારા ડૉ. બાબાસાહેબની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવશે.

બાદમાં સૌ ભાઈઓ-બહેનો વિધાનસભા ગૃહમાં સાથે જશે. જ્યાં અધ્યક્ષ તરીકે તેઓની વરણી થશે. આ કાર્યક્રમમાં હાજર રહેવા સમગ્ર દલિત સમાજના ભાઈ-બહેનો, શુભચિંતકોને સંસ્થાના પ્રમુખ મધુકર પરમારે અનુરોધ કર્યો છે.

# બે દિવસ પહેલા દફનાવેલો મૃતદેહ બહાર કાઢી સ્મશાનમાં પોસ્ટમોર્ટમ કર્યુ

### કલોલના પલીયડ ગામની ઘટના : ખેતરની ઓરડીમાં ગળે ફાંસો ખાધેલી હાલતમાં મૃતદેહ મળ્યા બાદ પરિવારજનોએ દફનવિધિ કરાવી હતી : પિતાની હત્યા થઈ હોવાની શંકા જતા મૃતદેહ બહાર કઢાવી પેનલ ડોકટરથી પી.એમ. કરાવ્યું

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકામાં આવેલા પલીયડ ગામમાં બે દિવસ અગાઉ ગળે ફાંસો ખાધેલી હાલતમાં એક આધેડનો ખેતરની ઓરડીમાંથી મૃતદેહ મળ્યો હતો. પરિવારજનોએ દફનવિધી પણ પતાવી દીધી હતી. બે દિવસ બાદ મૃતકના પુત્રને શંકા ઉપજી કે કોઈએ તેના પિતાની હત્યા કરીને મૃતદેહ લટકાવી દીધો છે. શંકાને આધારે પોલીસે એફએસએલ બોલાવી આજે સ્મશાનમાં દફનાવેલો મૃતદેહ બહાર કાઢી પેનલ ડોકટરથી પી.એમ. કરાવ્યું હતું. કોઝ ઓફ ડેથ હજુ પેન્ડીંગ છે તેના રીપોર્ટ બાદ હત્યા કે આત્મહત્યા સંદર્ભે પોલીસ વધુ તપાસ શરુ કરશે.

મળતી માહિતી મુજબ પલીયડ ગામમાં એક ખેતરની ઓરડીમાં ૧૯મી ઓગષ્ટે ૪૫ વર્ષીય જયંતીભાઈ મણીભાઈ રાવળનો ગળે ફાંસો ખાધેલી હાલતમાં મૃતદેહ મળ્યો હતો. આપઘાત સમજીને પરિવારજનોએ તે જ દિવસે દફનવિધિ કરી અંતિમવિધિ સમાપ્ત કરી હતી. દરમિયાન ગઈ કાલે મૃતકના પુત્ર જીગર રાવળે પોલીસને હત્યા કરાઈ હોવાની શંકા વ્યકત કરી હતી. મૃતક જયંતિભાઈએ ત્રણેક વ્યકિતઓ પાસેથી રૂપિયાની લેવડ દેવડ કરી હતી જેને આધારે હત્યાની પણ શંકા વ્યકત કરતા કલોલ તાલુકા પોલીસે એફએસએલની ટીમ બોલાવી લીધી હતી અને સ્મશાનમાં જઈ બે દિવસ બાદ આજે મૃતદેહ બહાર કાઢી પેનલ ડોકટરથી પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું. જો કે પોસ્ટમોર્ટમ રીપોર્ટ પેન્ડીંગ રાખવામાં આવ્યો છે. હાલ કલોલ તાલુકા પોલીસે મૃતદેહ પીએમ કરાવ્યા બાદ અકસ્માત મોતનો ગુનો નોંધ્યો છે. પોસ્ટમોર્ટમ રીપોર્ટ આવ્યા બાદ હત્યા કે આત્મહત્યાની દિશામાં પોલીસ તપાસ ચાલશે.



ગાંધીનગર સે. ૬ સત્યાગ્રહ છાવણી ખાતે ધરણા પર બેઠેલા તાનગઢના દલિત પરિવારો દ્વારા આજે થાનગઢ અત્યાચાર સંઘર્ષ સમિતિના નેજા હેઠળ રેલીનું આયોજન કરાયું હતું. આ રેલી ઘ-૨ સર્કલથી સત્યાગ્રહ છાવણી ખાતે આવી પહોંચી હતી. ત્યારબાદ સભા યોજાઈ હતી. આ કાર્યક્રમમાં રાજ્યભરમાંથી દલિત સમાજના ભાઈ-બહેનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. અત્યાચાર સંઘર્ષ સમિતિ દ્વારા સીબીઆઈ તપાસની માંગ કરી છે.

# દિલ્હીમાં ગુજરાતનો દબદબો : PM, ૩૬ IAS, ભાજપ અધ્યક્ષ અને હવે RBIના ગવર્નર બન્યા ગુજરાતી

પ્રાઈમ મિનિસ્ટર નરેન્દ્ર મોદીના રાજમાં ગુજરાતનો દબદબો છે. દિલ્હી દરબારમાં ગુજરાતીઓની હાક પડે છે. ગુજરાતના કોઈ પ્રધાન કે આઈએએસ ઓફિસર દિલ્હીમાં કામ અર્થે જાય છે તો મુલાકાતીઓની લાઈનમાં ગુજરાતનો વારો પહેલો આવે છે. એક ઓફિસરે કહ્યું હતું કે યુપીએ શાસનમાં અમારે લાઈનમાં બેસી રહેવું પડતું હતું પરંતુ હવે મોદીના શાસનમાં અમને તુરત જ એપોઈન્ટમેન્ટ મળી જાય છે. મોદીના હાથ નીચે ગુજરાત કેડરના ૩૬ સિનિયર ઓફિસરો કામ કરે છે. ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ અમિત શાહ પણ ગુજરાતી છે અને હવે રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાના ગવર્નર ડો. ઉર્જીત પટેલ પણ ગુજરાતી આવ્યા છે. 'જ્યાં જ્યાં વસે ગુજરાતી ત્યાં સદાકાળ ગુજરાત...' એ કહેવત તો છે પરંતુ તેમાં ઉમેરીને એવું કહી શકાય કે- 'જ્યાં જ્યાં રચાય સરકાર ત્યાં ત્યાં વસે ગુજરાતી...' જય જય ગરવી ગુજરાત.

**● હાઈકમાન્ડનું ફરમાન, બાજી સુધારી લો...**

ગુજરાતમાં મહત્વના પ્રજાલક્ષી નિર્ણયો લેવા માટે હાઈકમાન્ડે રાજયના મુખ્યમંત્રી વિજય રૂપાણીને આદેશ કર્યો છે અને સાથે સાથે એમ પણ કહ્યું છે કે સરકાર અને સંગઠન વચ્ચે સંકલન જળવાઈ રહે તેવા પ્રયાસો કરવામાં આવે. સરકારની મહત્વની યોજનાઓની પ્રસિદ્ધિ સંગઠનના લેવલથી થાય તે જોવા પણ તાકીદ કરવામાં આવી છે. ભાજપના યુવા પ્રદેશ પ્રમુખ જીતુ વાઘાણી અને મુખ્યમંત્રી વિજય રૂપાણી બન્ને પાર્ટીના રાષ્ટ્રીય પ્રમુખ અમિત શાહના ખાસ વિશ્વાસુ છે. આ બન્ને વચ્ચે સંકલન જળવાય તે જોવા માટે કહેવામાં આવ્યું છે. વિજય રૂપાણીએ રાજ્યના ૧૨ માર્ગો પરથી ટોલટેક્સ નાબૂદ કરવાના આનંદીબહેન પટેલના નિર્ણયને ચાલુ રાખ્યો છે એ જ બતાવે છે કે હાઈકમાન્ડે પ્રજાકીય નિર્ણયો લેવા માટે ગુજરાત સરકારને સૂચના આપી છે. હવે પ્રત્યેક મહિને એક નિર્ણય લેવામાં આવે તેવી સંભાવના છે. રૂપાણીએ પાટીદારો અને દલિત આગેવાનો સાથે મંત્રણા પણ શરૂ કરી દીધી છે.

### વિવિધ સમાજને ખુશ કરવાની જવાબદારી રૂપાણીના માથે આવી છે

**● મોદી હવે સોલાર પાવર સસ્તો કરશે...**

કેન્દ્રની મોદી સરકાર સોલાર પાવરને સસ્તો કરવા જઈ રહી છે. સોલાર પાવર ડેવલપર્સ અને પ્રોક્યોર્સની વચ્ચે ઓછામાં ઓછા ૨૫ વર્ષ માટે પાવર પરચેઝ એગ્રીમેન્ટનો પ્લાન બનાવવામાં આવી રહ્યો છે. સોલાર પાવરની કંપનીઓ વચ્ચે કોમ્પિટીશન થાય અને ગ્રાહકોને વધારે ફાયદો મળે તે દિશામાં મિનિસ્ટ્રી ઓફ ન્યૂ એન્ડ રિન્યુએબલ એનર્જીએ ગાઈડલાઈન નક્કી કરી છે. ડિસ્ટ્રીબ્યુશન લાયસન્સ કંપનીઓ દ્વારા વધુમાં વધુ સોલાર પાવર ખરીદવાનું નક્કી કરવામાં આવ્યું છે. પ્રોક્યોરમેન્ટ પ્રોસેસમાં ટ્રાન્સફરન્સી લાવવાનો ધ્યેય છે. કંપનીઓ વચ્ચે કોમ્પિટીશન થાય તે માટે ખાનગી કંપનીઓ સાથે સરકારી કંપનીઓને પણ તક આપવામાં આવશે. નક્કી થયેલા કરારમાં દર વર્ષે કેટલા દર વધારવા તેની સ્પષ્ટતા પણ કરવામાં આવશે, જે અત્યાર સુધીના પ્રોજેક્ટમાં ન હતી. ગુજરાતના ઉર્જા વિભાગના એક અધિકારીએ કહ્યું હતું કે નવી ગાઈડલાઈન આવતાં તે કરાર રદ થઈ જશે, એટલે કે અદાણી, એસ્સાર, તાતા પાવર અને ટોરન્ટને ગુજરાતમાં સૌથી મોટો ફાયદો થશે.

**● સોલાર ઉત્પાદનમાં ગુજરાત ત્રીજાક્રમે...**

ભારતમાં સોલાર ફોટોવોલ્ટીકની કેપેસિટી ૨૦૧૦માં ૧૬૧ મેગાવોટ હતી જે ૨૦૧૪માં વધીને ૨૬૩૨ મેગાવોટ થઈ હતી. આ કેપેસિટીમાં છેલ્લા બે વર્ષમાં વધારો થયો છે. દેશમાં ૨૦૧૫માં ૩૭૪૪ મેગાવોટ અને ૨૦૧૬માં અત્યાર સુધીમાં ૬૭૬૩ મેગાવોટ સોલાર ફોટોવોલ્ટિકની કેપેસિટી થઈ છે, જ્યારે ૨૦૧૫માં સોલાર વીજળીનું ઉત્પાદન ૩૭૪૩.૯૭ મેગાવોટ હતું તે જુલાઈ ૨૦૧૬ના અંતે ૮૦૬૨.૩૯ મેગાવોટ પહોંચ્યું છે. સોલાર વીજળી ઉત્પાદનમાં ગુજરાત દેશમાં ત્રીજા નંબરે છે. પહેલા નંબરે આવેલા રાજસ્થાનમાં ૧૨૯૪.૬૦ મેગાવોટ, બીજાક્રમે રહેલા તામિલનાડુમાં ૧૨૬૭.૪૧ મેગવોટ તેમજ ગુજરાતમાં ૧૧૨૩.૩૬ મેગાવોટ થયું છે. દેશમાં ૯૩૫.૮૦ મેગાવોટ સાથે આંધ્રપ્રદેશ ચોથાક્રમે તેમજ ૮૪૫.૮૪ મેગાવોટ સાથે મિઝોરમ પાંચમાક્રમે આવે છે.




### સોલારની આગ જ્યાંથી સળગી તે ગુજરાત ત્રીજાક્રમે ધકેલાઈ ગયું છે

**● મોદીના નામે હવે ઉમેદવારો નહી તરે...**

૨૦૦૨. ૨૦૦૭ અને ૨૦૧૨ની વિધાનસભાની ચૂંટણીઓમાં ભાજપના ધારાસભાના ઉમેદવારો મોદીના નામે તરી ગયા હતા. મોદીના નામે વોટ મળ્યા હતા. લોકસભામાં પણ ભાજપના ૨૬ ઉમેદવારો ચૂંટાઈને સંસદસભ્ય બન્યા છે તે મોદીના નામ પર સફળ રહ્યાં છે. હવે પરિસ્થિતિ બદલાઈ છે. મોદી ગુજરાતમાં નથી. અમિત શાહ પણ રાષ્ટ્રીય અધ્યક્ષ છે. ગુજરાતમાં બધો મદાર વિજય રૂપાણીના માથે છે. પાર્ટી હાઈકમાન્ડે રૂપાણીને કહ્યું છે કે પહેલાં તમારે આનંદીબહેન પટેલે શાસનમાં કરેલી ભૂલોને સુધારવાનું કામ કરવાનું છે. રૂપાણીએ જ્યારે પહેલી કલેક્ટર કોન્ફરન્સ સંબોધી ત્યારે તેમણે પહેલું કામ શાસનમાં વ્યાપેલી ભ્રષ્ટાચારને દૂર કરવાનું કર્યું છે. તેમણે જિલ્લા કલેક્ટરોને સીધી ચિમકી આપી છે કે ખબરદાર, ભ્રષ્ટાચારની ફરિયાદ આવી છે તો કડક પગલાં માટે તૈયાર રહેજો. આ બાબત જ બતાવે છે કે રૂપાણીના માથે આનંદીબહેન પટેલે કરેલી ભૂલોને સુધારવાની પ્રથમ જવાબદારી છે.

### CMO સહિત રાજ્ય અને જિલ્લાના એડમિનિસ્ટ્રેશનમાં ફેરફારો આવશે

**● રૂપાણીના CMOમાં મોટા ચેન્જીસ આવશે...**

ગુજરાતના મુખ્યમંત્રી બન્યા પછી વિજય રૂપાણી હવે તેમની ચીફ મિનિસ્ટર ઓફિસ- સીએમઓ માં બદલાવ કરવા જઈ રહ્યાં છે. રૂપાણી તેમના નજીકના સાથીદાર એવા ઓફિસરો તેમજ વિશ્વાસુ ઓફિસરોને સીએમઓમાં નિયુક્ત કરશે. મુખ્યમંત્રીના ચીફ પ્રિન્સિપલ સેક્રેટરી કે.કૈલાસનાથનની નિયુક્તિ માટે હાઈકમાન્ડની લીલીઝંડી મળી ચૂકી છે આ સાથે હાલ મુખ્યમંત્રીના અગ્રસચિવ તરીકે કામ કરી રહેલા એસ. અપર્ણા તેમજ સેક્રેટરી અજય ભાદુને બદલવામાં આવી શકે છે. તેમના સ્થાને વિજય નહેરા અને કે.શ્રીનિવાસ જેવા કાબેલ ઓફિસરોને સ્થાન મળે તેવું સૂત્રો કહે છે. સૂત્રોએ જણાવ્યું હતું કે મુખ્યમંત્રી હજી પણ સચિવાલયના વિભાગો, બોર્ડ કોર્પોરેશન તેમજ મ્યુનિસિપલ કમિશનરોમાં મોટાપાયે બદલી કરવાનું મન બનાવી ચૂક્યાં છે. તેઓ જિલ્લા કલેક્ટરોમાં તેમની નિકટના ઓફિસરોને ગોઠવી શકે છે. મુખ્યમંત્રી ૫૦ થી વધુ ઓફિસરોને બદલે તેવી સંભાવના છે. નજીકના ભવિષ્યમાં વહીવટી તંત્રમાં મોટાપાયે બદલીઓના ઓર્ડર થાય તેવી સંભાવના છે.

**● દેશમાં ૬,૦૦,૦૦,૦૦૦ ઘરની જરૂરિયાત...**

ભારતના રિયલ એસ્ટેટ સેક્ટરમાં તેજીનો ગ્રોથ છે અને ૨૦૨૨ સુધીમાં ૭.૫ કરોડ લોકોને નવી જોબ મળશે. આ સેક્ટર ૨૦૩૦ સુધીમાં ભારત એ વિશ્વમાં ત્રીજું મોટું કન્સ્ટ્રક્શન માર્કેટ બની જશે. નેશનલ રિયલ એસ્ટેટ ડેવલપમેન્ટ કાઉન્સિલ અને કેબીએમજી ઈન્ડિયા દ્વારા જાહેર કરવામાં આવેલા એક રિપોર્ટ પ્રમાણે ભારતનું રિયલ એસ્ટેટ સેક્ટર ખૂબ તેજીથી આગળ વધી રહ્યું છે અને તે આગામી દસકા પછી વિશ્વમાં ત્રીજું સ્થાન હાંસલ કરશે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ઈન્ડિયાની શહેરી વસતીમાં વધારો થઈ રહ્યો છે. ૨૦૧૫માં શહેરી વસતીનું પ્રમાણ ૪૨ કરોડ સુધી પહોંચી ચૂક્યું છે અને તે ૨૦૩૦ સુધીમાં ૫૮ કરોડ જેટલું થવાની ધારણા છે. હાલ દેશમાં છ કરોડ ઘરની જરૂરિયાત છે જેમાં બે કરોડ ઘર ની આવશ્યકતા શહેરોમાં છે. એવું અનુમાન છે કે શહેરોની સાથે સાથે ગ્રામ્ય વિસ્તારમાં ૨૦૨૨ સુધીમાં ૧૧ કરોડ ઘરની જરૂરિયાત રહેશે. મોદીના હાઉસિંગ ફોર ઓલ વિઝનને સાકાર કરવું હશે તો પ્રતિદિન ૪૩૦૦૦ ઘર બનાવવાની જરૂર રહેશે. આ ઘર માટે ૨૦૨૦ સુધીમાં બે લાખ કરોડ અમેરિકી ડોલરના ઈન્વેસ્ટમેન્ટની જરૂર રહેશે.

**● કોંગ્રેસ ચૂપ છે પણ ગ્રાસરૂટ લેવલ મજબૂત છે...**

ગુજરાતના રાજકારણમાં હાલ કોંગ્રેસ ચૂપ છે પરંતુ તેનું ગ્રાસરૂટ લેવલ મજબૂત છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે પણ લોકો કોંગ્રેસની સરકાર ઈચ્છી રહ્યાં છે. શહેરોમાં આ વખતે ભાજપ અને આમ આદમી પાર્ટી એમ બન્ને પાર્ટીઓમાં મતદારો વહેંચાઈ શકે છે પરંતુ ગામડામાં ભાજપ અને આમ આદમી પાર્ટીનો પનો ટૂંકો પડે તેમ છે. કોંગ્રેસના ઈન્ટરનલ સર્વેક્ષણનું તારણ છે કે હાલસની સ્થિતિએ કોંગ્રેસ સત્તાની નજીક જઈ શકે છે પરંતુ ૮૫ બેઠકોથી સંતોષ માનવો પડે તેમ છે. ભાજપમાં જો 'કરિશ્મા' થાય તો જ અમિત શાહના કહેવા પ્રમાણે બે તૃતિયાંસ બહુમતિ મળી શકે તેમ છે.